# Press statement on the release of the seven Indian nationals in Libya

October 12, 2020

## લિબીયામાં સાત ભારતીય નાગરિકોની મૂક્તિ પર પ્રેસ સ્ટેટમેન્ટ

ઓક્ટોબર 12, 2020

અમને જણાવતા આનંદ થાય છે કે 14 સપ્ટેમ્બરનાં રોજ લિબીયામાં અસ્શવેરિફમાં અપહરણ કરવામાં આવ્યું હતું તે સાત ભારતીય નાગરિકોને આખરે ગઈકાલે (11 ઓક્ટોબર) મૂક્ત કરવામાં આવ્યા હતા. અપહરણકર્તાઓએ તેઓને અલ શોલા અલ મુદિયા કંપનીને સોંપી દીધા બાદ ટ્યુનિશિયામાં આપણા રાજદૂત શ્રી પુનીત રોય કુંડળે તેઓ સાથે ફોન પર વાતચીત કરી હતી. તેઓ તમામનું આરોગ્ય સારું છે અને તેઓ હાલમાં બ્રેગામાં કંપનીનાં પરિસરમાં નિવાસ કરી રહ્યા છે. અમે ભારતમાં તેઓનાં પરત ફરવાની બાબત સક્ષમ કરવા માટેની આવશ્યક ઔપચારિકતાઓ પૂર્ણ કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.

આપણા નાગરિકોનr હાનિરહિત મૂક્તિ સુરક્ષિત કરવામાં પ્રબળ સહકાર બદલ અમે લિબીયાની સત્તાધિકારીતાઓ અને તે પ્રાંતની જનજાતીઓનાં વરિષ્ઠ લોકોનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. ટ્યુનિશિયામાં આપણા રાજદૂત અને સ્થાનિક કોન્સ્યુલર સ્ટાફ એમ બન્ને સમગ્ર કટોકટી દરમિયાન તેઓ અને કંપની સાથે સતત સંપર્કમાં હતા.

મંત્રાલય પુનઃઉચ્ચારણ કરવા માંગે છે કે લિબીયામાં સુરક્ષાની પરિસ્થિતિનાં કારણે માર્ચ 2016 થી કોઈપણ હેતુ હોય તો પણ ભારતીય નાગરિકોની લિબીયાની યાત્રા પર પ્રતિબંધ છે.

**નવી દિલ્હી**
**ઓક્ટોબર 12, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.